Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 11 DATE: 01- 09 -2025 (વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા સુદ નોમ ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

# બી.એન. ગ્રુપ ગુજરાતમાં ઓલિયોકેમિકલ્સ પ્લાન્ટ સ્થાપશે

મુંબઈ સ્થિત એડીબલ ઓઈલ સપ્લાય બી.એન. ગ્રુપની પેરન્ટ કંપની, બી.એન. હોલ્ડિંગ્સ લિમિટેડ એ તેના સહયોગી એપિટોમ ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લિમિટેડ મારફતે સ્પેશિયાલિટી અને ઓલિયા કેમિકલ્સ ક્ષેત્રમાં પ્રવેશ જાહેરાત કરી છે.

કંપની દ્વારા જાહેર કરાયેલા પ્રેસ રિલીઝ મુજબ, એપી ટોમ કંડલા પોર્ટ નજીક, ગુજરાતમાં ઉત્પાદન પ્લાન્ટ સ્થાપશે. જે કાર્યરત થયા પછી "ભારતનું સૌથી મોટું ઓલિયો કેમિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટ" બનશે.

આ પ્રોજેક્ટ ભારતના સ્પેશિયાલિટી કેમિકલ્સ સેક્ટરમાં સૌથી મોટા આયોજન કરાયેલા રોકાણોમાંનું એક છે. જેમાં આશરે રૂપિયા ૧,૨૦૦ કરોડનું રોકાણ થશે.

નવી સુવિધામાં પર્સનલ કેર, ફાર્માસ્યુટિકલ્સ, એગ્રો કેમિકલ્સ, ફૂડ અને ઈન્ડસ્ટ્રીયલ એપ્લિકેશન્સ માટે વપરાતી વિવિધ ઓલિયો અને સ્પેશિયાલિટી કેમિકલ્સનું ઉત્પાદન થશે. પ્લાન્ટમાં ઉત્પાદન સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં સપ્લાય કરવામાં આવશે.

આ વિસ્તરણ સાથે, બી.એન. ગ્રુપે જણાવ્યું કે તે આગામી બે વર્ષમાં તેનું સંયુક્ત ટર્નઓવર રૂ. ૯,૦૦૦ કરોડ માંથી વધારીને રૂ. ૨૫,૦૦૦ કરોડ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

બી.એન. ગ્રુપના ફાઉન્ડર શ્રી અનુભાવ અગ્રવાલે જણાવ્યું કે એપિટોમ આ સનરાઈઝ સેક્ટરમાં અગ્રણી બનીને ફક્ત પ્લાન્ટ નહીં, પરંતુ ભારતનું સૌથી મોટું ઓલિયો કેમિકલ હબ બનશે. આ સુવિધા સ્કેલ સસ્ટેનેબિલિટી અને ઈનોવેશન નું પ્રતીક બની રહેશે. ગુજરાત માટે તકો ઊભી કરશે અને ઉદ્યોગમાં નવા ધોરણો નિર્ધારિત કરશે.

ભારતનો ઓલિયો કેમિકલ્સ માર્કેટ ૨૦૨૪ થી ૨૦૩૦ દરમિયાન ૮.૫%ના વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) સાથે વધી ૨૦૩૦ સુધીમાં ઈંર.૭૭ બિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. આ વૃદ્ધિ વૈશ્વિક સ્તરે બાયો-બેઝ્ડ અને સસ્ટેનેબલ કેમિકલ વિકલ્પોની વધતી માંગને કારણે થશે.

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

# કેનેડાની લૂપ ઈન્ડસ્ટ્રીઝ ભારતની એસ્ટર ઈન્ડસ્ટ્રીઝ સાથે સંયુક્ત સાહસ કરીને દહેજમાં કેમિકલ રિસાયકલિંગ પ્લાન્ટ માટે સાઈટ ખરીદશે

કેનેડિયન રિસાયક્લિંગ ટેક્નોલોજી કંપની, લૂપ ઈન્ડસ્ટ્રીઝે જાહેરાત કરી છે કે તેની ૫૦:૫૦ ટકા સંયુક્ત સાહસ , ગુડગાંવ સ્થિત પોલિએસ્ટર ફિલ્મ્સ અને સ્પેશિયાલિટી પોલિમર્સના ઉત્પાદક એસ્ટર ઈન્ડસ્ટ્રીઝ સાથે, ગુજરાતમાં ૯૩ એકર જમીન ખરીદવા માટે કરાર કર્યો છે. આ ખરીદી $૧૦.૫ મિલિયનના મૂલ્યે થશે. જે પ્રારંભિક મૂડી ખર્ચના અંદાજ કરતાં ઈંપ મિલિયન ઓછું છે.

લૂપ ઈન્ડસ્ટ્રીઝ, જે પોલિએસ્ટર માટે સર્ક્યુલર ઈકોનોમી ઝડપથી વિકસાવવા માગે છે. તે ૧૦૦% રિસાયકલ્ડ પોલિઈથિલિન ટેરેફથેલેટ (PET) પ્લાસ્ટિક અને પોલિએસ્ટર ફાઈબરનું ઉત્પાદન કરશે. કંપનીએ જણાવ્યું છે કે સાઈટ ભરૂચ પાસે દહેજ પેટ્રોકેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રીજન (PCPIR) માં આવેલ છે અને ત્યાં તેનું યોજાયેલ 'ઈન્ફિનિટ લૂપ' કેમિકલ રિસાયક્લિંગ સુવિધા સ્થાપિત કરવામાં આવશે. જમીન ખરીદી માટે $૧.૭ મિલિયનનો ડિપોઝિટ કરવામાં આવ્યો છે.




આ લોકેશન સુરતના પોલિએસ્ટર ટેક્સટાઈલ વેસ્ટ ફીડ સ્ટોક સુધી વ્યૂહાત્મક પહોંચ પૂરી પાડે છે. કારણ કે સુરત ભારતની સિન્થેટિક ટેક્સટાઈલ કેપિટલ તરીકે ઓળખાય છે. સાઈટમાં ૭૦,૦૦૦ મેટ્રિક ટન વાર્ષિક ક્ષમતાવાળા પ્રારંભિક પ્લાન્ટ માટે અને વધારાના ૧૦૦,૦૦૦ મેટ્રિક ટન પ્રતિ વર્ષ ક્ષમતા સાથેના વિસ્તરણ માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ છે. લૂપ ઈન્ડસ્ટ્રીઝને આશા છે કે સરકારી મંજૂરીની તમામ પ્રક્રિયા ૨૦૨૫ના અંત સુધી પૂર્ણ થઈ જશે.

કંપની અનુસાર, આ સુવિધાને ૮૦% સ્વચ્છ, રિન્યુએબલ ઈલેક્ટ્રિસિટી અને બાયોફ્યુઅલ એનર્જીનો ઉપયોગ કરવામાં આવશે. અને પરિણામે મળતા PET રેઝિનમાંથી પરંપરાગત વર્જિન PETની તુલનામાં ૮૦% ઓછું કાર્બન ઉત્સર્જન થશે.

લૂપ ઈન્ડસ્ટ્રીઝ એવી ટેક્નોલોજીમાં નિષ્ણાત છે જે વેસ્ટ PET પ્લાસ્ટિક અને પોલિએસ્ટર ફાઈબરને તેના મૂળભૂત મોનોમર્સ, જેમ કે DMT અને MEGમાં ડીપોલીમરાઈઝ કરે છે. જેને શુદ્ધ કરીને ફરીથી પોલિમરાઈઝ કરીને વર્જિન-ક્વોલિટી PET રેઝિન તૈયાર કરી શકાય છે.

ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS & TANKS
GMP REACTOR
HEAT EXCHANGER
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

# સિગાચીએ દહેજ SEZ ખાતે MCC ક્ષમતા વિસ્તરણ માટે સિવિલ વર્ક શરૂ કર્યું

હૈદરાબાદ સ્થિત સિગાચી ઈન્ડસ્ટ્રીઝ, જે ફાર્માસ્યુટિકલ સહાયક , API અને સ્પેશ્યલિટી ઈન્ગ્રેડિયન્ટ્સના અગ્રણી ઉત્પાદક તરીકે જાણીતી છે, તેણે દહેજ SEZ યુનિટ ખાતે ૧૨,૦૦૦ MTPA માઈક્રો ક્રિસ્ટલાઈન સેલ્યુલોઝ (MCC) ક્ષમતા વિસ્તરણ પ્રોજેક્ટ માટે સિવિલ વર્કની શરૂઆત કરી છે.

આ વિકાસ તેલંગાણાના પશમિલારમ સ્થિત MCC સુવિધા પર ૩૦મી જૂનના થયેલા ડ્રાયર બ્લાસ્ટ બાદ થયો છે, જેમાં ૪૦થી વધુ કામદારોનાં મોત થયા હતા. કંપનીએ જણાવ્યું કે દુર્ઘટનાની તપાસ સમિતિ કાર્યરત છે, પરંતુ સિગાચી આગળ વધીને વિસ્તરણ પર કામ શરૂ કરી રહી છે.

કંપનીના જણાવ્યા મુજબ આ MCC વિસ્તરણ પ્રોજેક્ટ "સેફ્ટી-ડિઝાઈન" પર આધારિત રહેશે. પ્રોજેક્ટ માટે નવો સ્પ્રે ડ્રાયર સિસ્ટમ પ્રતિષ્ઠિત ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ અને સેફ્ટી એક્સપર્ટ્સની સલાહ સાથે સ્થાપિત કરવામાં આવશે. નવી ક્ષમતા નવ મહિનાની અંદર કાર્યરત થવાની તૈયારીમાં છે.

આ વિસ્તરણ સાથે કંપનીની કુલ MCC ઉત્પાદન ક્ષમતા ૩૦,૦૦૦ MTPA સુધી પહોંચી જશે, જેના કારણે સિગાચી ભારતનો સૌથી મોટો ઉત્પાદક બનશે તથા વિશ્વના અગ્રણી ઉત્પાદકોમાં સ્થાન મેળવશે. દહેજ SEZ અને ઝઘડિયા યુનિટ સાથે મળીને વધારેલી ક્ષમતા ગ્રાહકોને સપ્લાયમાં કોઈ વિક્ષેપ ન થાય તે સુનિશ્ચિત કરશે.

Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA

OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS
Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

STAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT BROIL BROTEK BELA YTC SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

# તંત્રીલેખ

## સ્વદેશી વસ્તુઓના વપરાશમાં આપણી આર્થિક અને રોજગારીના પ્રશ્નનો ઉકેલ છે

અમેરિકાની ટ્રમ્પ સરકારે ભારત ઉપર ૫૦ ટકા ટેરિફ ઝીંક્યો છે. કારણ એવું બતાવવામાં આવ્યું છે કે આપણે રસિયા પાસેથી ક્રૂડ ઓઇલ લઈએ છીએ. તે નાણાંનો ઉપયોગ રશિયા યુક્રેન સામે યુદ્ધ કરવા કરે છે. જેથી યુદ્ધ અટકવાનું નામ નથી લેતું. રશિયાની આર્થિક સ્થિતિ બગડતી નથી. અમેરિકા તે જોવા માંગે છે. જો કે યુક્રેનને અત્યારસુધી હથિયારો પુરા પાડીને અમેરિકાએ યુદ્ધને લંબાવ્યું છે નહીંતર યુદ્ધ ક્યારનુંય પૂરું થઇ ગયું હોત.

જો કે ટ્રમ્પને દુખે છે પેટ અને ફૂટે છે માથું તેવી સ્થિતિ છે. ટ્રમ્પને શાંતિ માટેનું નોબલ પુરસ્કાર જોઈએ છે. તે માટે પાકિસ્તાને સહયોગ કર્યો છે. પરંતુ ભારતે તેમાં રસ દાખવ્યો નથી. તેનું પરિણામ છે. અમેરિકા ભારતને ઘૂંટણીયે પાડવા માટે અધીરું બન્યું છે. તેને એવું હતું કે વધારેમાં વધારે બે થી પાંચ દિવસમાં પરિણામ સામે આવી જશે પરંતુ ભારત માટે પણ સન્માનનો સવાલ છે. ૨૫ ટકા ટેરિફ રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ લેવાને લઈને છે તો બીજો ૨૫ ટકા માં તેને ભારતમાં તેને તેની ખેતીને અને પશુપાલનને લગતી પ્રોડક્ટો ઘુસાડાવી છે પરંતુ આપણા ખેડૂત અને નાના ઉદ્યોગકારોને અર્થી નુકસાન થાય તેમ છે તેથી સરકાર તે શરતો માનવા તૈયાર નથી.

જો કે ૫૦ ટકા ટેરિફ વધારાની અસર કેમિકલ, ટેક્સટાઇલ તેમજ બીજા ઉદ્યોગો પર ગંભીર રીતે પડી છે. બીજી તિતે કહીએ તો મરણતોલ ફટકો પડ્યો છે તેવું કહીએ તો ખોટું નથી.

સરકાર આ કટોકટીને બને તેટલી હળવી કરવા માટે પ્રયાસ કરી રહી છે. સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વદેશી વસ્તુઓ જ વાપરવા પર ભાર મુક્યો છે. તેનો વધારેમાં વધારે પ્રચાર અને પ્રસાર કરવા પ્રયાસ કરાઈ રહ્યો છે. આ પ્રશ્નો કાયમી અને સચોટ નિરાકરણ છે. વડાપ્રધાને તો ત્યાંથી પણ આગળ વધીને દુકાનદારોને આ દુકાનમાં સ્વદેશી વસ્તુઓ જ મળે છે. તેવા બોર્ડ લગાવવા અપીલ કરી છે. તેનાથી દુકાનદારો વિદેશી વસ્તુઓ રાખવાની બંધ કરશે. દુકાનદારો કઈ વસ્તુ વિદેશી છે તે સારી રીતે જાણતા હોય છે. કદાચ એક વખત ગ્રાહક થાપ ખાઈ જાય છે. પરંતુ દુકાનદારમાં તેની જાગૃકતા હોય છે. જો તેવા બોર્ડ લગાવ્યા પછી તેનું વેચાણ વધે તો તેનો ઉત્સાહ વધે તે સ્વાભાવિક છે. આનાથી દેશનો પૈસો દેશમાં રહે અને રૂપિયાનું સર્ક્યુલેશન વધે. જેનાથી દેશની આર્થિક સ્થિતી ઉપર તેની હકારાત્મક અસર પડે.

લોકો સાબુ, પાઉડર જેવી વસ્તુઓ વિદેશી વાપરે છે. જેનો કોઈ મતલબ નથી. આવી વસ્તુઓ તો સ્વદેશી વાપરવી જોઈએ. વડાપ્રધાને તેમના વ્યક્તવ્યમાં આમ પણ કહ્યું કે તમે સ્વદેશી વસ્તુઓ વાપરવાનું ચાલુ કરો. આપમેળે ઉત્પાદકોની આવક વધતા તે કવૉલિટીમાં પણ સુધારો કરશે. આ બાબતમાં જે કરવાનું છે તે લોકોએ કરવાનું છે.

જયારે ચીન સાથે સરહદ પાર સંબંધો તંગ યહ્યાં હતા ત્યારે આપણે સ્વદેશીનો નારો ચલાવ્યો હતો. તેને સારી સફળતા મળી હતી. પરંતુ આપણા લોકોની ખાસિયત છે કે સમય જતા બધું ભૂલી જાય છે અને જૈસે થે ની સ્થિતી માં આવી જાય છે. થોડું જતું કરીને પણ સ્વદેશી વસ્તુઓ વાપરવી જોઈએ.

તાજેતરમાં પારુલ યુનિવર્સિટી ખાતે વિકસિત ભારત યુવા સંવાદમાં બિહારના રાજ્યપાલ આરીફખાને કહ્યું કે વિશ્વમાં એક સમયે ઉત્પાદન માટે ચીનનો સિક્કો હતો.હવે સમયનું પરિવર્તન થયું અને સમીકરણો બદલાઈ રહ્યા છે. હવે ઉત્પાદન માટે વિશ્વની નજર ભારત ઉપર છે.

સ્વદેશીના નારામાં ભારતની આર્થિક સધ્ધરતા છુપાયેલી છે. રોજગારીના પ્રશનું નિરાકરણ છુપાયેલું છે. આપણું આત્મગૌરવ છે. વિશવની સામે ગૌરવથી ઉભા રહેવાની તાકાત છે.

સ્વદેશી વસ્તુ વાપરવી તે દેશભક્તિનો પર્યાય બની ગયો છે.

# વ્યક્તિએ આજીવન નવું નવું શીખવાની અને જાણવાની વૃત્તિ કેળવવી જોઈએ : અશોક પંજવાણી



અશોક પંજવાણી એ જણાવ્યું હતું કે AEPS (અંકલેશ્વર એન્વાયરમેન્ટ પ્રિઝર્વેશન સોસાયટી ) સાથે હું પહેલેથી જોડાયેલ છું. ડી. એ . આનંદપુરા સાથે કામ કરતા આસંસ્થાનો હું સેક્રેટરી અને પ્રમુખ રહી ચૂક્યો છું. આનંદપુરા સાહેબ સાથે કામ કરવાનો મને મોકો મળ્યો છે.

દરરોજ ઉંમર વધતી જાય છે અને એવું અનુભવાય છે કે મારું જ્ઞાન કેટલું ઓછું છે. દરરોજ નવું નવું શીખવા પ્રયાસ કરતા રહીએ છીએ. દરેક વ્યક્તિએ સતત નવું શીખવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

હું ૧૦૭૨ માં IIT બોમ્બે થી કેમિકલ એન્જિનિરીંગમાં ગ્રેજ્યુએટ થયો. હું ૧૯૭૪માં ઘરડા ઈન્સેકટીસાઇડ લિમિટેડ (GIL ) માં જોડાયો. ૧૯૭૭ માં અંકલેશ્વર આવ્યો. ૧૯૮૪ માં કુટુંબ સાથે અંકલેશ્વર સ્થાયી થયો.

અંકલેશ્વરમાં આવેલ ઘરડા ઈન્સેકટીસાઇડ લિમિટેડ (GIL ) ના પ્લાન્ટની ડિઝાઇન તૈયાર કરી. જેમાં એફલૂઆંટ પ્લાન્ટ પણ ડિઝાઇન કર્યો અને એક નાનું એન્સિનિયરેટર પણ હતું. ત્યારે પણ પર્યાવરણ પ્રત્યેની જાગૃકતા ડો. ઘરડા મા હતી. દૂરંદેશી પણ હતી.

૧૯૮૯ માં હું યુપીએલમાં જોડાયો. જેમાં ફોસ્ફરસ પ્લાન્ટ હતો. તે વખતે રાત્રે ગેસની ફરિયાદોના ફોન આવતા હતા. પર્યાવરણના બહુ પ્રશ્નો હતા. ખાસ કરીને વાયુ પ્રદૂષણના પ્રશ્નો હતા. ત્યારપછી યુપીએલ ૧,૨,૩,૪,પ્લાન્ટ સ્થાપ્યા. ઝઘડીયા એસ્ટેટમાં પણ પ્લાન્ટ સ્થપાયો. અત્યારે કંપની ૫૦,૦૦૦ કરોડનું ટર્નઓવર ધરાવે છે. આગળ જતા કંપનીએ પર્યાવરણ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. જેમાં ભરૂચ એન્વિરો ઈન્ફ્રાસ્ટ્રચર લિમિટેડ (BEIL ) , એન્વિરો ટેક્નોલોજી લિમિટેડ (ETL), કેરાલા એન્વિરો ઈન્ફ્રાસ્ટ્રચર લિમિટેડ, શિવાલિક સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ લિમિટેડ, BEIL રિસર્ચ એન્ડ કન્સલ્ટન્સી પ્રાઇવેટ લિમિટેડમાં કાર્ય કર્યું. UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી કાર્યરત છે. તેમજ નર્મદા ક્લીન ટેક (NCT) માં તેમજ અંકલેશ્વર રિસર્ચ એન્ડ એનાલિટિકલ ઈન્ફ્રાસ્ટક્ચર લિમિટેડમાં ડાયરેક્ટરઃ તરીકે કાર્ય કર્યું.

હું જિંદગીની સફરમાં ત્રણ ઈ ને આગળ રાખીને ચાલુ છું . જેમાં એન્વાયરમેન્ટ , એનર્જી અને એજ્યુકેશન. વિદ્યાબાલનના પ્રખ્યાત ગીત એન્ટરટાયમેન્ટ, એન્ટરટાયમેન્ટ અને એન્ટરટાયમેન્ટ છે . તેવી રીતે મારા જીવનમાં એન્વાયરમેન્ટ , એનર્જી અને એજ્યુકેશન છે.

હું મધ્યમ વર્ગના કુટુંબમાંથી આવું છું. ઘણી વખત સ્કૂલ ફી ભરવાની પણ તકલીફ પડતી. કોલેજમાં પ્રોફેસર એમ. એમ. શર્માએ એથિક્સ (નીતિશાસ્ત્ર ) ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ગમે તેવી આધુનિક ટેક્નોલોજી આવે પરંતુ કેમિકલ તેના બેઝીક ગુણ છોડતું નથી. કેમિકલના પ્રેશર ડ્રોપ, હિટ ટ્રાન્સફર જેવા ગુણ બદલાશે નહીં. તેવી રીતે આપણે પણ ગમે તેવી સ્થિતિ આવે, આપણી નીતિ છોડાવી જોઈએ નહીં.

કેમિકલ પ્રોસેસમાં મટીરીયલ બેલેન્સની બાબતમાં કહેતા કે જેટલું નાખો તેટલું બહાર આવવું જોઈએ. તેનો બરાબર હિસાબ રાખવો જોઈએ. એક એક કિલોનો હિસાબ રાખવો જોઈએ.

ઘરડા કેમિકલમાં ડો.ઘરડા કહેતા કે તમે સારા એન્જિનિયરિંગ ડિઝાઈનર છો. પરંતુ પ્લાન્ટ નિષ્ફળ જવાની૨૦ ટકા શક્યતા પણ હોય છે. તેઓ હંમેશા કહેતા કે તમારો એક પ્લાન નિષ્ફળ જાય તો પ્લાન બી તૈયાર હોવો જોઈએ. તેઓ પ્રથમ ૧૦૦ ટન, ૨૦૦, ૩૦૦, ૪૦૦ એમ આગળ વધવા જણાવતા. તેમાં કઈ રીતે ડિઝાઇન કરી આગળ વધવું તે જણાવતા.

UPL નું વાતાવરણ, સાથે મળીને કામ કરવાનું હતું. એક દિવસ ફર્નેશમાંથી ગેસ નીકળતો હતો. સાંદ્રા શ્રોફ મહિલા હોવા છતાં પ્લાન્ટમાં ત્યાં જઈને કામદારને સૂચનો કરી રહ્યા હતા. સૌ સાથે મળીને કાર્ય કરવાનું વાતાવરણ હતું. રજ્જુ શ્રોફ હંમેશા કહેતા આપણે સમાજ માટે કમાઈએ છીએ. આ વાત હંમેશા નજર સમક્ષ રાખવી.

ડી. આનંદપુરાએ સરકારી અધિકારી તરીકે કાર્ય કર્યું હોવાથી તેમને સારી રીતે ખબર હતી કે સરકારી કચેરીમાં કઈ રીતે કામ લેવું. અમે તેમની સાથે ગાંધીનગર જતા. તેઓ ઉંમરલાયક હોવા છતાં ચોથે માળે આવેલી ઓફિસ માટે સડસડાટ પગથિયા ચડી જતા. અમે તેમની પાછળ પાછળ ચાલતા. ત્યાંથી તેઓ બીજી બિલ્ડિંગના ત્રીજા માળે અને ત્રીજી ઓફિસના બીજા માળે સડસડાટ ચડી જતા. સરકારી કર્મચારી ના મળે કે પછી બીજા દિવસે મળવા માટે જણાવે તો સમયસર પહોંચી જતા. તેઓ નિર્ધારિત કામને પૂર્ણ કરીને છોડતા. તેમનામાંથી અમને ઘણું શીખવા મળ્યું.

ETL પ્લાન્ટની વાત કરતા તેમને જણાવ્યું હતું કે કોઈપણ પ્લાન્ટમાં અપ ડાઉન આવે જ છે. અમે ૧૫ વર્ષથી શીખી રહ્યા છીએ. ગમે તે પ્રકારનું એફલુઅન્ટ આવે પહેલેથી જણાવી દો. જેમાં બેક્ટેરિયાનો રોલ બહુ અગત્યનો હોય છે. આજે પણ અમે IIT કાનપુર અને મુંબઈની સલાહ લઇ રહ્યા છીએ. BEIL માટે IIT મુંબઈ ની સલાહ લઇ રહ્યા છીએ.

UPL માં બેચ પ્રોસેસ હતી. IIT કોઈમ્બતુર ચાન્સલર એ. બી. જોષી લૅબોરેટરીમાં બેચ લેવડાવતાં, મગજની કસરત (બ્રેન સ્ટ્રોમિંગ) કરાવતા. એવું કેમ થયું તે વિષે હંમેશા વિચારો. આવું કેમ નથી કરતા? આવું કરો તેમ કહી સૂચનો કરતા. બીજાઅઠવાડીએ ફરી પાછા આવીને પૂછતા? શું થયું ? આવું કેમ થયું? પ્લાન્ટમાં તેનું પુનરાવર્તન કરાવતા. પરિણામ સ્વરૂપ ઉત્પાદન બમણું થઇ ગયું, યીલ્ડ વધી ગઈ. એફલુઅન્ટ ન્યુનતમ થઇ ગયું. આપનું એફલુઅન્ટ આટલું આવે છે કેમ? મટીરીયલ બેલેન્સ કરો? પાણી કેમ નાખો છો. Effulent ના જે પ્રશ્નો છે તેને ઉકેલો અને એફલુઅન્ટ ઓછું કરો. તમારો વેસ્ટ ઓછો થશે તે રૂપિયા જ છે. ક્વોલિટી ઉપર ધ્યાન કેન્દ્રિત કરો. આંતરરાષ્ટ્રીય માર્કેટ માટે ક્વોલિટી બહુ જરૂરી છે. આ સફળતાએ મને પ્રભાવિત કર્યો.

લોકો એવું સમજે છે કે BEIL માં ઉંમરલાયક લોકો છે. પરંતુ આવું નથી. અત્યારે કર્મચારીઓની સરેરાશ ઉંમર ૩૦ વર્ષની છે.

તમે એક પ્લાન્ટમાં ત્રણ જગ્યાએથી એફલુઅન્ટ આવે છે. આવા તમારી પાસે દશ પ્લાન્ટ હોઈ શકે છે. બધા પ્લાન્ટનું એફલુઅન્ટ મિક્સ ના કરો. તેનું અલગ અલગ રાખી તેનો અભ્યાસ કરી તેને ઉકેલો. તેને ન્યુનતમ કરવામાં ઘણી રાહત રહેશે.

તમે કદી બેક્ટેરિયા જોયા છે. બેક્ટેરિયા આપણા દોસ્ત છે. તે તમારો પ્રશ્ન ઉકેલશે. જો તમે તેને પરેશાન કરશો તો તેઓ તમને ૧૦ ગણા વધારે પરેશાન કરશે. ETL માં ૫ વર્ષની મહેનત પછી ૬૦ જેટલા અલગ અલગ બાયોમાસ તૈયાર કરવામાં સફળતા મળી છે. અલગ અલગ કંપનીના અલગ અલગ એફલુઅન્ટ માટે અલગ અલગ બાયોમાસનો ઉપયોગ કરવો જોઈએ. બધા માટે એકસરખું બાયોમાસ ના ચાલે. અત્યારે મેબ્રેન, ઓક્સિડેશન જેવી ઘણી નવી ટેક્નોલોજી માર્કેટમાં આવી ગઈ છે. પરંતુ તે ખૂબ મોંઘી છે.

ભારત ઉપર સૂર્ય ભગવાનની કૃપા છે. અમેરિકા, બ્રિટન જેવા ઠંડા પ્રદેશોમાં ૬ મહિના સૂર્ય પ્રકાશ હોય છ મહિના સૂર્ય પ્રકાશ ન હોય. એફલુઅન્ટ પ્લાન્ટમાં સોલર અનર્જીનો ઉપયોગ કરવો જોઈએ. ત્યાં સોલાર પેનલો લગાવવી જોઈએ. જેથી પાવર કોસ્ટ ઓછી કરવામાં અનુકૂળતા રહે છે. હીટ રિકવરી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ઈ- વેસ્ટમાંથી સિલ્વર, પ્લેનેટિયમ જેવી કિંમતી ધાતુઓને અલગ તારવી તેનો રિયુઝ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

આપણે બધા કાચના ઘરમાં રહીએ છીએ. તેથી કોઈએ વહેમમાં ના રહેવું જોઈએ. BEIL માં વર્ષ ૨૦૦૮ માં આગ લાગી હતી. ત્યારે પરિસ્થિતી ખુબજ નાજુક થઇ ગઈ હતી. આવી સ્થિતિમાં તમે એકલા છો તેવો અહેસાસ થાય છે. તમારા સાચા મિત્રો કોણ છે અને તમારા હિતેચ્છુ કોણ છે તે તમને સમજાય છે.

તેમણે નેટ કાર્બન ઝીરો વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.સ્માર્ટ ફોનમાં લોકો તેઓ દિવસના કેટલા પગલા( સ્ટેપ) ચાલ્યા. તેની માહિતી રાખે છે. દિવસના ૧૦૦૦૦ પગલા ચાલી નાખીને સંતોષ લે છે. પરંતુ કેટલો $CO_2$ ઉત્પન્ન કર્યો તેની ગણતરી રાખવી જોઈએ. આપણે એ બાબતમાં ઘણુબધુ કરી શકીએ.

$CO_2$ કેટલો ઉત્પન્ન કર્યો તે માટેનું પણ એપ બનાવવી જોઈએ. આપણે ક્લીન એનર્જી માટે બાયોમાસ નો ઉપયોગ કરવો જોઈએ. ટ્રાન્સપોર્ટમાં પબ્લીક

ટ્રાન્સપોર્ટ ઈલેક્ટ્રિક વિહિકલનો ઉપયોગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવો જોઈએ.

સુરતને ઈકોનોમિક ઝોન જાહેર કર્યો છે. જેમાં ડાયમંડ, ટેકસટાઇલ અને કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ આવે છે. આપણો વિસ્તાર પણ તે ઈકોનોમિક ઝોનમાં આવે છે. દહેજ PCPIR પણ તેમાં આવે છે. આ દિશામાં વિક્રમ શ્રોફે ઘણું બધું કાર્ય કર્યું છે.

આપણી કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ વિશ્વની ૬ ઠા નંબરની સૌથી મોટી ઈન્ડસ્ટ્રીઝ છે. કુલ નિકાસમાં આપણો હિસ્સો ફક્ત ૩.૫ ટકા જેટલો જ છે. તાઈવાન, કોરિયા જેવા નાના દેશો પણ આપણા કરતા વધારે નિકાસ કરે છે. આપણે છેલ્લા ૧૫ વર્ષમાં ૪ થી ૫ ઘણું વધારે નિકાસ કરવાની ક્ષમતા ધરાવીએ છીએ.

ભારતની કેમિકલ ઈન્ડસ્ટ્રીઝનું ભવિષ્ય ખૂબ જ ઉજવળ છે. ભારત સરકાર ઓરિસ્સા, તામિલનાડુ, આંધ્રપ્રદેશ અનેક જગ્યાએ PCPIR સ્થાપ્યા છે.

નીતિ આયોગ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં પ્રોબ્લેમ રિસર્ચ ને મહત્વ આપવા પર ભાર મૂકે છે. આપણી છાપ કોપી માસ્ટર તરીકેની છે. આપણે કુલ ઉત્પાદનના ફક્ત ૦.૭ ટકા જ સંશોધન (રીસર્ચ) પાછળ રોકાણ કરીએ છીએ. જયારે વિશ્વની એવરેજ ૨ થી ૩ ટકાની છે. જેનાથી આપણે ૪ ઘણા ઓછા છીએ. સરકાર ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ પાછળ વધારેમાં વધારે રોકાણ કરે તેવા પ્રયાસો કરી રહી છે.

આપણે ચીનની પ્રોડક્ટ સાથે હરીફાઈ નથી કરી શકતા.

ડો. ઘરડા અને રજ્જુ શ્રોફે ગેરેજમાં બહુ જ ઓછા સંસાધનોમાં પ્રોડક્ટ ડેવલપ કરો હતી. ટીમ મેનેજ કરીને તેને વૈશ્વિક કંપનીમાં ફેરવી બતાવી છે.

જીગર Jigar Publicity
Industrial Directory Publisher
Laghu Udhyog Bharati (Bharuch District), Jhagadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
www.jigarpublicity.com
jigarpublicity@gmail.com |+91 9998980519

# એસ્ટેટના પર્યાવરણના પ્રશ્નો ઉકેલવામાં AEPS એ કી રોલ ભજવ્યો છે : એન . કે. નવાડીયા



એન.કે. નાવડીયાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે GIDC દ્વારા અંકલેશ્વરનું એસ્ટેટ કાર્યરત કરાયા પછી પ્રથમ તો ઈન્ફ્રાસ્ટ્રચરને લગતા પ્રશ્નો ઉપર ધ્યાન કેદ્રિત કરાયું હતું. સરકાર ઉદ્યોગોને ગુજરાતમાં આકર્ષવા માંગતી હતી. બહારના રાજયના અને વિદેશના ઉદ્યોગકારો ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપે તે માટે શું કરવું તે માટે પ્રયત્નશીલ હતી. કારણકે વધારે ઉદ્યોગો લાવીને રોજગારીનો પણ પ્રશ્ન હાલ કરવાનું પણ ધ્યેય હતું. આ માટે બ્રાન્ડ એમ્બેસેન્ટર કોણ બને તે માટે પ્રયત્નશીલ હતા. આ માટે જેમણે ઉદ્યોગો સ્થાપ્યા છે તે જ સારા એમ્બેસેન્ટર બની શકે તે વાત સ્વાભાવિક છે. કારણકે તે જ જણાવી શકે કે અહીં ઉદ્યોગો સ્થાપો અહીં વાતાવરણ ઉદ્યોગો માટે સારું છે. સરકારે ઉદ્યોગપતિઓને પ્રોત્સાહિત કરવાનું કાર્ય કર્યું.

એસ્ટેટમાં ૧૯૭૮ માં અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન (AIA) ની સ્થાપના થઈ. આપણા ઉદ્યોગકારોએ ઉધોગો સાથે સામાજિક જવાબદારી પ્રત્યે પણ ધ્યાન આપ્યું. સ્વામી વિવેકાનંદનું વાક્ય EVERY HUMAN BEING POTENTIAL OF MAN KIND. દરેક મનુષ્યમાં દિવ્યતાના ગુણ રહેલા છે.

આ ભાવનાથી ભેગા મળી કોલોનીની બનાવી. ડી.એ. આનંદપુરાએ આ કામ કર્યું. તેમને GIDC અને સરકારમાં અધિકારી તરીકે લાંબો સમય કામ કાર્ય પછી UPL માં જોડાયા. ૧૯૮૨-૮૩ માં ઉદ્યોગો માટે પર્યાવરણ નહીં પરંતુ ઉદ્યોગને કઈ રીતે ટકાવી રાખવો તે મોટો પ્રશ્ન હતો.

ડી. એ. આનંદપુરા ઘણી વખત એવી વાતો કરતા કે આપણને પણ સમજાય નહિ. પરંતુ તેઓ જે કરશે તે સારા માટે કરશે. તેવી શ્રદ્ધા હતી. તેવો અમને પાક્કો વિશ્વાસ હતો. તેથી અમે તેમની દરેક વાત સ્વીકારતા.

AEPS ઈન્સ્ટિટ્યૂટ હતી. તેને ફક્ત ઉદ્યોગોના પ્રશ્નો જ નહિ પરંતુ સ્થાનિક લોકોના પ્રશ્નોના ઉકેલ માટે પણ કાર્ય કર્યું. સ્થાનીક કક્ષાએ વોટર લોવિંગનો (પાણીના ભરાવા ) નો પ્રશ્ન હતો. વોટર સેલિનિટી (પાણીની વધતી ખારાશનો) નો પ્રશ્ન હતો. ત્યારેતો AIA માં કોન્ફ્રન્સ હોલ હતો નહીં એટલે UPL ના કોન્ફરન્સ હોલમાં બેસીને સ્થાનિક અને પર્યાવરણ માટે ગામલોકોને અને પર્યાવરણવાદીઓ સાથે મળીને સતત ચર્ચાઓ કરીને એવું નક્કી કર્યું કે નર્મદા નદીને આપણે ચોખ્ખી અને પવિત્ર રાખવી. પ્રદુષિત પાણીનું ટીપું પણ નર્મદા નદીમાં ના જવું જોઈએ. ત્યારપછી પાઈપલાઈન પ્રોજેક્ટ વિષે કાર્ય શરુ થયું. જેમાં પાનોલી અને ઝઘડીયા પણ જોડાયા. એક પાણીનું ટેક્કર ૧૦ કિલોમીટર દૂરથી લાવવું હોય તો ૨૫૦૦ રૂપિયા જેટલો ચાર્જ થાય છે, જયારે એફલુઅન્ટનું ૧૦ કેએલ ટેક્કરના NCT ફક્ત ૬૦૦ રૂપિયા ચાર્જ કરે છે તે પણ ૫૫ કિલોમીટરના અંતર માટે. આપણે નર્મદા ક્લીન ટેકની સ્થાપના કરી.

૧૯૮૨-૮૩ માં જયારે AEPS નું બંધારણ લખ્યું તેમાં તેમની દૂરદર્શિતા દેખાઈ આવે છે. તેમને એસ્ટેટમાં ૧૦ લાખ વૃક્ષો ઉગાડવાનું ધ્યેય રાખ્યું હતું. આજે સર્વેમાં સાડા ચાર લાખ વૃક્ષો કોવાની માહિતી આપી હતી. જયારે એસ્ટેટમાં ૪૬ ટકા ગ્રીન કેનોપી હોવાનું સર્વેમાં જણાવ્યું હતું.

ETL ની સ્થાપનામાં અને સોલિડ હેઝાર્ડસ વેસ્ટની સ્થાપનામાં AEPS નો કી રોલ રહ્યો છે.

# વટવા ગ્રીન એન્વાયરમેન્ટ સર્વિસ કો.ઓ. સોસાયટીની ચૂંટણી યોજાશે

વટવા જીઆઈડીસીના અતિ પ્રતિષ્ઠિત ધ ગ્રીન એન્વાયરમેન્ટ સર્વિસ કો.ઓ. સોસાયટીના હોદ્દેદારોની ચૂંટણીયોજવા જઈ રહી છે. જેમાં બે પેનલ સામ સામે મેદાનમાં છે. ૨૬ ઓગસ્ટે ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ હતો. જેમાં ૧૦ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા હતા. જ્યારે પાણી મુદ્દે બે ઉદ્યોગપતિ જૂથ સામસામે ચૂંટણી લડવા આવી ગયા છે. આ ઉપરાંત એક ઉમેદવાર અપક્ષ રીતે ચૂંટણી લડી રહ્યાં છે. ચૂંટણી ૪થી સેપ્ટેમ્બરના રોજ યોજાશે.

આ વખતે બે પેનલો સામ સામે આવી છે. જેમાં યુનિક ડાય કેમ ના અંકિત પટેલની યુનાઈટેડ પેનલ મેદાનમાં છે જ્યારે સામે મેઘમણી ગ્રુપના આનંદ પટેલ ની ન્યૂ પ્રગતિ પેનલ છે. આ ચૂંટણી માટે કુલ ૪૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાંથી ૧૦ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચી લીધા હતા. જ્યારે બાકીના ૩૭ ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે. જેમાં બે પેનલના ૧૮-૧૮ ઉમેદવારો અને એક અપક્ષ ઉમેદવાર ચૂંટણી લડી રહ્યાં છે. સામાન્ય રીતે ગ્રીન એન્વાયરો ની ચૂંટણી સમરસ બનતી હોય છે પરંતુ પાણી આપવાના મુદ્દે અસંતોષ હોવાથી બે ઉદ્યોગપતિઓ જ સામ સામે ચૂંટણી લડવા આવી ગયા છે.

હવે આગામી તા. ૪ સેપ્ટેમ્બરે ચૂંટણી યોજાશે.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે વટવા ઈન્ડ. એસ્ટેટના પૂર્વ પ્રમુખ (વીસીસીઆઈના પણ પૂર્વ પ્રમુખ) સ્વ. શંકરભાઈ પટેલ અને બિપિનભાઈ પટેલના સમર્થકોની યુનાઈટેડ વટવા પેનલ છે. જ્યારે ચેમ્બરના પૂર્વ પ્રમુખ નટુભાઈ પટેલ પરિવારના આનંદ પટેલ ન્યુ પ્રગતિ પેનલ છે.

ન્યૂ પ્રગતિ પેનલના ઉમેદવારો

અમન ભાઈ જૈન, અમિતભાઈ પટેલ, આનંદભાઈ પટેલ, અનિલભાઈ ગુપ્તા, ભાવેશભાઈ પટેલ, ચંદ્રશેખર ત્રિવેદી, દિનેશચંદ્ર શાહ, જયેશભાઈ પટેલ, કમલેશભાઈ માધાની, કરશનભાઈ પટેલ, કિશોરભાઈ પટોલિયા, નરેશભાઈ કોઠારી, નિલેશભાઈ દામાણી, નિરવભાઈ દેસાઈ, રાકેશભાઈ પટેલ, તપનભાઈ પંડયા, વિનયભાઈ પટેલ, યોગેશભાઈ પરીખ.

યુનાઈટેડ વટવા પેનલ ના ઉમેદવાર

અંકિતભાઈ પટેલ, નરેશભાઈ પટેલ, ભૂપેન્દ્ર પટેલ, બ્રિજેશભાઈ અગ્રવાલ, ડિમ્પલ ભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, હિમંતભાઈ ભુવા, જીગરભાઈ પટેલ, કિરણભાઈ પટેલ, મધુભાઈ પટેલ, પંકજભાઈ ધધાણીયા, પરિમલભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, સાન ગ્રીલ પટેલ, સુધીરભાઈ કડ, સુજલભાઈ પટેલ, તારકભાઈ પટેલ, તેજસભાઈ મર્ચન્ટ .

# કારખાનાઓમાં અકસ્માત અટકાવવા અર્થે દહેજ ખાતે સેફટી અવરનેસ કાર્યક્રમ યોજાયો



નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય ભરૂચ વિભાગ દ્વારા કારખાનાઓમાં અકસ્માત થતાં અટકાવવા અર્થે દહેજ ખાતે ૨૯ ઑગષ્ટના રોજ સેફટી તાલીમ તથા સેફ્ટી અવરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રોસેસ સેફ્ટી તથા ફર્સ્ટ એઈડ જેવા વિષયો પર નિષ્ણાંત ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું . આ અવેરનેશ પ્રોગ્રામમાં ૧૧૦ થી વધારે સેફટી પ્રોફેશનરોએ ભાગ લીધો હતો.

# કૃષિ રસાયણો માં નકલી ઉત્પાદનો અટકાવવા કડક નિયમો લાવવા સંસદીય પેનલ ની ભલામણ

એક સંસદીય સમિતિએ સરકાર નકલી કૃષિ રસાયણો ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર નિયંત્રણ કડક બનાવવા માટે ભલામણ કરી છે, જેમાં પુનરાવર્તિત ગુનેગારો સામે કડક દંડની જોગવાઈ કરવાની માંગ કરવામાં આવી છે. આ ભલામણ 'ક્લાઈમેટ રિઝિલિયન્સ કૃષિ, કુદરતી અને ઓર્ગેનિક ફાર્મિંગ પ્રોત્સાહન' વિષયક રિપોર્ટમાં કરવામાં આવી હતી.

પેનલે "નકલી પેસ્ટિસાઈડ વ્યાપક સમસ્યા અને તેની કૃષિ પરની નુકસાનકારક અસરો" અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી. સમિતિએ રાજ્ય સ્તરે ઈન્સેક્ટીસાઈડ ઈન્સ્પેક્ટરની સંખ્યા વધારવાની અને કેન્દ્ર સ્તરે સુપરવિઝન મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. સાથે જ ગુણવત્તાયુક્ત પેસ્ટિસાઈડ સપ્લાય સુનિશ્ચિત કરવા ટેસ્ટિંગ સુવિધાઓનો વિસ્તાર કરવાની ભલામણ પણ કરી.

પેનલે જણાવ્યું કે ઈન્સેક્ટીસાઈડ એક્ટની કલમ ૨૯ હેઠળ મિસ બ્રાન્ડેડ પેસ્ટિસાઈડ્સ સંબંધિત દંડ પૂરતા નથી, જેથી ગુનેગારોને અટકાવી શકાય. ૨૦૧૯-૨૦૨૦થી ૨૦૨૩-૨૦૨૪ વચ્ચે કુલ ૩,૬૦,૬૧૪ સેમ્પલ્સનું પરીક્ષણ કરવામાં આવ્યું, જેમાંથી ૯,૨૩૩ મિસ બ્રાન્ડેડ મળી આવ્યા, જેના આધારે ૨,૫૮૮ કેસ દાખલ થયા પરંતુ ફક્ત ૧૮૫ સજા થઈ.

સમિતિએ સ્પષ્ટ કર્યું કે કન્વિકશન રેટ અત્યંત નીચે છે, જેના કારણે ઈન્સેક્ટીસાઈડ એક્ટ હેઠળ ઉલ્લંઘન સામે કડક નિયમોની તાત્કાલિક જરૂર છે. પેનલે ભલામણ કરી કે ઈન્સેક્ટીસાઈડ એક્ટ, ૧૯૬૮માં સુધારા કરીને કડક દંડની જોગવાઈ કરવામાં આવે, જેથી નકલી પેસ્ટિસાઈડ ઉત્પાદન, વિતરણ અને ઉપયોગ ને રોકી શકાય.

કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવેલી માહિતી મુજબ દેશભરમાં ૨૫ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૧,૦૮૦ ઈન્સ્પેક્ટર કાર્યરત છે. રાજ્ય સ્તરે વાર્ષિક ૭૭,૦૪૦ સેમ્પલ ટેસ્ટિંગ ક્ષમતા છે. કેન્દ્ર પાસે ૨૦૭ ઈન્સેક્ટીસાઈડ ઈન્સ્પેક્ટર છે, તેમજ ચંદીગઢ અને કાનપુર સ્થિત બે રિજનલ લેબોરેટરીમાં ૩,૧૦૦ સેમ્પલ ની ક્ષમતા છે.

વિવાદાસ્પદ સેમ્પલ ફરીદાબાદ સેન્ટ્રલ ઈન્સેક્ટિસાઈડ્સ લેબોરેટરી (CIL) ખાતે મોકલવામાં આવે છે, જ્યાં દર વર્ષે ૧,૬૦૦ સેમ્પલ પ્રોસેસ થાય છે.

જો સેમ્પલ સ્ટાન્ડર્ડ મુજબ ના હોય તો પ્રોસિક્યુશન શરૂ થાય છે.

# ૧૯૭૭થી ૧૯૮૭ સુધી GIDCએ ફાળવેલા પ્લોટ તથા શેડની સ્ટેમ્પ ડ્યુટી માફ

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના હુકમ અનુસાર, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા તારીખ ૧ લી નવેમ્બર ૧૯૭૭ થી ૩૧ મી માર્ચ ૧૯૮૭ સમયગાળામાં ફાળવવામાં આવેલા પ્લોટ અને શેઢના વેચાણ અથવા ભાડાપટ્ટાના લેખો પર સ્ટેમ્પ ડ્યુટીમાં માફી આપવામાં આવી છે.આ માફીના આધારે, આ સમયગાળા દરમિયાનના લેખો માટે સ્ટેમ્પ ડ્યુટીની વસૂલાતની કાર્યવાહી નહીં કરવામાં આવે.

આવી ચર્ચા છે કે GIDC દ્વારા ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરીક્ષકની કચેરી ગાંધીનગર દ્વારા તમામ જિલ્લાના નાયબ કલેક્ટરને આ પત્ર લખી જાણ કરવામાં આવી છે. આનાથી જૂની GIDC ના ઉદ્યોગકારોને લાભ થશે.

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
SPITMAAN
Sealflex Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# અંકલેશ્વરની પર્યાવરણ માટેની આભાસી છાપ બની છે, તે કોચલાંને આપણે ભેગા મળીને તોડવાનું છે : જીપીસીબી પ્રાદેશિક અધિકારી ડો. જિજ્ઞાશાબેન ઓઝા



જીપીસીબીના પ્રાદેશિક અધિકારી જિજ્ઞાશાબેન ઓઝાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે મને અંકલેશ્વરમાં ચાર્જ સંભાળે ૧૧ દિવસ થયા છે. તેમણે ઉદ્યોગોને અપીલ કરી હતી કે આપણે સાથે રહીને ચાલીએ. જો તમે આગળ ચાલશો તો અમારે તમારી પાછળ દોડવું પડશે. તમારે નક્કી કરવાનું છે કે શું કરવું. તમે જે પ્રમાણે તક આપશો તે અમે સહર્ષ સ્વીકારી લઈશું. તોફાની બાળક માટે માતા પાસે સોટી અને વ્હાલનો દરિયાઓ બંને હોય છે. જીપીસીબી પણ ઉદ્યોગો માટે માં સમાન છે. એમાં પણ પસંદગી તમારે કરવાની છે કે સોટીનો ઉપયોગ કરાવવો કે પછી ચોક અને ડસ્ટર નો ઉપયોગ કરાવવો.

તેમને જણાવ્યું હતું કે આપણે એન્જીનીયરીંગ અને એજ્યુકેશનનો સમન્વય કરીને આપણી ઈકોનોમીને સડસડાટ દોડાવવી છે. તેમાં પણ પર્યાવરણનો એટલો જ ખ્યાલ રાખવાનો છે. આપણી સંસ્કૃતિમાં પર્યાવરણને ખુબ ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે.

તેમને જણાવ્યું હતું કે હું સુરતથી આવું છું. તેથી હું ચક્રીય અર્થવ્યવસ્થા (સર્ક્યુલર ઈકોનોમી)ના શબ્દને સારી રીતે સમજુ છું. સુરતમાં એવા ઘણા પ્રોજેક્ટ છે જે સર્ક્યુલર ઈકોનોમીના માપદંડમાં ખરા ઉતરીને ચાલે છે. સર્ક્યુલર ઈકોનોમી આ શબ્દ તો હમણાં આવ્યો. બાકી આપણી સંસ્કૃતિમાં દાદાનો ઝભ્ભો કે ધોતિયું ચૂલામાં જાય અગ્નિના હવાલે થાય ત્યાં સુધી તેનો વિવિધ રીતે ઉપયોગ કરવાની પરંપરા છે. તે જ સરકયુલર ઈકોનોમી છે.

હાલની પેઢીને નીચી દેખાડવાનો મારો ઈરાદો નથી. પરંતુ તેમની માનસિકતા કોઈ વસ્તુનો ઉપયોગ કરો તેમાંથી નવીનતમ બનાવી ઉપયોગ કરી છોડી દો તેવી છે. તેને બદલવાની જરૂર છે. વિવિધ એસોસિએશનો , સંગઠનો, સરકારો આપણને ક્યાં સુધી સમજાવતા રહેશે. જો આપણે આપણી વ્યક્તિગત માનસિકતા નહીં બદલીયે તો સફળતા નહિ મળે. તેને મગજમાં ઉતારીશું અને તેને અમલમાં મુકીશું તો જ યીલ્ડમાં સુધારો કરી સફળતા મેળવી શકાશે.

ઈકોલોજી અને એન્વાયર્મેન્ટમાં ધ્યાન કેન્દ્રિત કર્યા સિવાય સફળતા મળવાની નથી. ઉત્પાદન વખતે જે વેસ્ટ ઉત્પન્ન થાય છે તે એકની બાયપ્રોડક્ટ કે વેસ્ટ બીજા માટે ઉપયોગી ગણી શકે, તેનો વેસ્ટ ત્રીજા માટે, વેસ્ટનું પુનઃ ચક્ર થાય. આપણે આપણી માનસિકતા બદલવી જોઈએ.

સરકાર દ્વારા અનેક યોજનાઓ જાહેર કરાય છે. ગોવર્ધન યોજના, સ્વચ્છ ભારત મિશન જેવી અનેક યોજનાઓ. સરકારનો આ યોજનાઓ પાછળ ઊંડા આશય હોય છે. ઘણી વખત આપણને એવું લાગે કે સરકાર તો છાશવારે નવા પ્રોજેક્ટ લોન્ચ કરે, સરકાર નવરી છે. પરંતુ ઉંડાણથી વિચારવામાં આવે તો તેમાં આપણા અસંતુલિત થઇ રહેલ પર્યાવરણને સંતુલિત કરવાના પ્રયાસ પણ હોય છે.

મિશન લાઈફ -લાઈફ સ્ટાઇલ ફોર એન્વાયરમેન્ટ. જે આપણી આસપાસની પ્રકૃતિને ખીલવા માટે વાતાવરણ બનાવે. આપણે આપણી માનસિકતા બદલવાની જરૂર છે. કેટલાક લોકો સવારે નાસ્તો કરે, ચાના કૂચા, શાક સમારી કચરો પડે તે કચરો પ્લાસ્ટિકના ઝભલામાં ભરીને ઓફિસે જતા સાથે લેતા જાય. વચ્ચે કોઈ જગ્યાએ તે બેગ નાખી દે. તમારી આસપાસના વાતાવરણનો તમારે જ ખ્યાલ રાખવાનો છે. તો કુદરત પૂરબહારમાં ખીલી ઉઠશે.

તેમને જણાવ્યું હતું કે જેવી રીતે ધાર્મિક થઈ પ્રણ લેવામાં આવે છે તેવી રીતે પર્યાવરણ માટે પણ ચિંતિત થઇ પ્રણ લેવું જોઈએ. જયાં સુધી પર્યાવરણ પ્રત્યે ચિંતિત નહિ થાઓ ત્યાં સુધી પર્યાવરણ સુધારવાનું નથી.

હું શિષ્ટની આગ્રહી છું . આ દિશામાં અને આ રીતે કામ થવું જોઈએ. તો થવું જ જોઈએ. મેં અંકલેશ્વરના પર્યાવરણ વિષે જે સાંભળું છે અને જે મેં જે અનુભવ્યું તે વચ્ચે અંતર છે.મને લાગે છે કે તે અભાસનું કોચલું છે તેને તોડવાની જરૂર છે.

સર્ક્યુલર ઈકોનોમી વિષે બોલતા તેમણે જણાવ્યું હતું કે સર્ક્યુલર ઈકોનોમી કઈ રીતે સ્વીકારી શકાય તે માટે તેમને ઉદાહરણ અપાતા જણાવ્યું હતું કે આપણે કપડાંની અનેક જોડી રાખતા હોઈએ છીએ. આજની જનરેશન યુઝ એન્ડ થ્રો માં મને છે. જો તેની પાસે ૧૦ જોડી કપડાં હોય તો તેને એક જોડી ઓછી કરવાનો નિર્ણય કરવો જોઈએ. તેનાથી જો એક શહેરની વસ્તી ૧૫ લાખ હોય તો ૧૫ લાખ જોડી ઓછી થાય છે. તેનાથી કેટલું પાણી, કેટલું કેમિકલ, ઍનર્જી બચે છે. જે પર્યાવરણ માટે કેટલું હિતકારક છે.

તેમણે ઉદ્યોગોને એવી પણ સલાહ આપી હતી કે આપણને પસંદ ના હોય તેવો વ્યવહાર બીજા સાથે ના કરવો જોઈએ. પાડોશી કંપનીની ફરિયાદ આપણે કરીએ પણ આપણે તો તેવું નથી કરતાને તેનું ધ્યાન રાખવું જોઈએ. પાડોશી કંપની એસિડિક કે આલ્કલાઈન પાણી છોડે તો આપણે ફરિયાદ કરીએ છીએ. પરંતુ આપણે પણ તેવું ના કરવું જોઈએ તેનું ધ્યાન કહેવું જોઈએ.

અંકલેશ્વરમાં પર્યાવરણના ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતી બધી જ સગવડો છે. સોલિડ હેઝાર્ડસ વેસ્ટ ડિસ્પોઝલ સાઈટ છે. કોમન સીઈપીટી સાઈટ છે. કોમન બોઈલર છે. સૌથી અગત્યનું કોઈની પાસે નથી તેવી ટ્રીટેડ એફલુએન્ટને દરિયામાં ઊંડે સુધી છોડવાની પાઈપલાઈનની મંજૂરી છે. તો પછી આપણે નાની પીપરમેટ જેવી લાલચ માટે આપણી છાપ ખરાબ કેમ કરીએ છીએ.

તેમણે છેલ્લે માર્મિક વાક્ય કહ્યું હતું કે જે શાનમાં સમજાશે તે શાણો કહેવાશે.

# AEPS દ્વારા એડવાન્સ ટેક્નોલોજી ઈન વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ ઉપર બે દિવસનો સેમિનાર યોજાઈ ગયો





અંકલેશ્વર એન્વાયરમેન્ટ પ્રિઝર્વેશન સોસાયટી દ્વારા એઆઈએ ના સહયોગથી તારીખ ૨૧ અને ૨૨ ફેબ્રુઆરીએ એડવાન્સ ટેક્નોલોજી ઈન વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ અને વેસ્ટ ટુ રિસોર્સ રિકવરી ઉપર બે દિવસની કોન્ફ્રન્સ યોજાઈ ગઈ. જેમાં નોલેજ પાર્ટનર તરીકે પર્યાવરણ કન્સલ્ટન્સ્ટ ગ્રીન સર્કલ હતું. આ કોન્ફ્રન્સ એઆઈએ ઑડિટોરિયમ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્યમહેમાન તરીકે જીપીસીબીના પ્રાદેશિક અધિકારી ડો. જીજ્ઞાશા ઓઝા ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે બેઇલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના ડિરેક્ટર અશોક પંજવાણીએ વ્યક્તવ્ય આપ્યું હતું. એઆઈએના પૂર્વ પ્રમુખ એન.કે. નાવડીયાએ એ ઈ પી એસ ની સ્થાપના વિષે માહિતી આપી હતી.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિમલ જેઠવાએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે આજના સેમિનારનો વિષય વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ માટેની એડવાન્સ ટેક્નોલોજી અને વેસ્ટ ટુ રીસોર્સીસ રિકવરી છે. મહાત્મા ગાંધીજીનું વાક્ય કુદરતે દરેક માણસની જરૂરિયાત પુરી થાય તે માટેની સુવિધા કરેલ છે પરંતુ દરેક માણસની ઈચ્છા પુરી થાય તેની નથી કરી. જે આજના સમયમાં પણ એટલું જ યથાર્થ છે. આજે વેસ્ટ વોટરના નિકાલનો પ્રશ્ન છે. તેની સામે એડવાન્સ ટ્રીટમેન્ટ ટેક્નોલોજી, રીસાઈકલ વોટર અને રિકવર વોટરની ટેક્નોલોજી પણ ઉપલબ્ધ થઇ છે. ઝીરો લીકવીડ ડિસ્ચાર્જ ટેકનોલોજી ઉપલબ્ધ છે. લોકોની માનસિકતા બદલાઈ રહી છે. તેઓ ટ્રીટમેન્ટને મહત્વ આપી રહ્યા છે. તેઓ જવાબદારીપૂર્વક રિકવરીની મળેલી તકનો ઉપયોગ કરે છે. સ્લજમાંથી ખાતર બનાવી શકાય છે. તેમજ એફ્લુઅન્ટ વોટરમાંથી પાણી રિકવર કરીને તેને ઈન્ડસ્ટ્રીઝમાં વાપરી શકાય છે. આ સેમિનાર સૌ માટે ઉપયોગી સાબિત થશે.

જયારે ગ્રીન સર્કલના પ્રદીપ જોશીએ Treating recalcitrant and refractory Pollutant-containing industrial effluent by advanced oxidation process.વર્ચ્યુઅલ વ્યક્તવ્ય આપ્યું હતું. આ સેમિનારમાં એઆઈએ સેક્રેટરી નિલેશ પટેલ, ડીપીએમસીના ચીફ કો-ઓર્ડીનેટર વિજય આશર , એઈપીએસ ચેરમેન અતુલ બુચ, સેક્રેટરી મનસુખ વેકરીયા , નોટીફાઈડ ચેરમેન અમુલખભાઇ પટેલ, પ્રબોધ પટેલ, શ્રીવત્સન, નોટિફાઈડના ચીફ ઓફિસર ચિંતન પટેલ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


T. R. ASSOCIATES
T. R. ASSOCIATES AND ENVIRONMENT PVT. PTD.
Formerly Known as (T.R. ASSOCIATES)
Environment Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 97231 37312
E-mail: adm.trassociates@gmail.com
A-401, S.G. Business Hub, Between Sola Bhagwat & Gota Overbridge, S.G. Highway, Ahmedabad


# નર્મદા ક્લીન ટેકની ક્ષમતામાં વધારો કરવાનું કામ ઝડપથી પૂર્ણ કરવું જોઈએ: એન. કે. નવાડીયા

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પૂર્વ પ્રમુખ એન. કે. નાવડીયાએ પોતાના વિચારો રજુ કરતા જણાવ્યું હતું કે નર્મદા ક્લીન ટેકની ક્ષમતામાં વધારો કરવો જોઈએ. આ કામ ખૂબ ઝડપથી કરવાની જરૂર છે. આ માટેનો સમય પાકી ગયો છે. સરકારોનો અભિગમ હકારાત્મક છે. હવે જે કરવાનું છે તે આપણે કરવાનું છે.

જયારે નર્મદા ક્લીન ટેક કાર્યરત થઇ ત્યારે તેની ક્ષમતા ૬૦ એમએલડી ની હતી. આશ્ચર્યની ની વાત છે કે હવે તે ક્ષમતા ઘટીને ૪૦ એમ એમએલડી કરી દેવામાં આવી છે. કોઈપણ પ્લાન્ટ સ્થાપાય ત્યારે પ્રગતિ માટે હંમેશા તેના વિસ્તરણ માટેની તૈયારી રાખવી જોઈએ. આગળની એટલેકે ૨૦૫૦ માં આવનાર સ્થિતિની તૈયારી રાખવી જોઈએ. જેથી ઉદ્યોગો પ્રગતિ કરી શકે અને વિસ્તરણ કરી શકે. નવા ઉદ્યોગો આવી શકે.

ભારત સરકારે જે આપવાનું હતું તે આપી દીધું છે. કંપનીઓ દ્વારા ટ્રીટ કરીને છોડાતા એફ્લુઅન્ટના પેરામીટર ૧૮(૧) મુજબ નક્કી કરેલ પેરામીટર સાથે મળતા હોય તો ભારત સરકાર વિસ્તરણ માટેની મંજૂરી આપશે જ. સરકારે પણ તે માટેની તૈયારી બતાવી છે. આપણે હવે તે દિશામાં આગળ વધવાનું છે. નર્મદા ક્લીન ટેક દ્વારા તે દિશામાં પ્રયાસો આદરી દેવાયા હોવાની વાત પણ તેમને જણાવી હતી.


PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

SOUTH INDIA ROADWAYS ANK.
KAUSHIK PACKERS & MOVERS
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work, Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામ: મંજુસર, તાલુકો: સાવલી, જિલ્લો: વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રી: જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002